# ઓઈલ ક્રૂડ-ગેસ ક્ષેત્રે આત્મનિર્ભર બનવા નીતિ કેમ બદલાઈ રહી છે?

પગરવ
★ પ્રશસ્ત પંડયા

કેટલાક વિષયોની સ્ટોરીઝ આપણા સુધી પહોંચતી નથી અને પહોંચે તો પણ તે અંગેનાં સંપૂર્ણ તથ્યો તેમાં હોતાં નથી. આવું જ કંઈક દેશમાં ક્રૂડ ઑઈલ અને ગેસના ભંડારોની શોધ અંગે કહી શકાય. આ સમાચાર ગણ્યાગાંઠ્યા સ્થળોએ જ પ્રકાશિત થયા હતા અને જ્યાં પ્રકાશિત થયા ત્યાં પણ પૂરતી માહિતી આપવામાં આવી નહોતી. જો કે અંગ્રેજી અખબારોનાં બિઝનેસ પાનાંઓમાં તેના વિગતવાર અહેવાલો પ્રકાશિત થયા હતા અને અહીં રજૂ કરવામાં આવેલી માહિતી પણ તેના આધારે જ એકત્રિત કરવામાં આવી છે. હવે એ વાત કોઈને જણાવવાની જરૂર નથી કે દેશ ક્રૂડ ઑઈલ અને ગેસની જરૂરિયાત માટે મોટા ભાગે આયાત પર નિર્ભર છે. આપણી જરૂરિયાતનો માત્ર 12 ટકા ક્રૂડ ઑઈલ અને લગભગ 50 ટકા કુદરતી ગેસ જ દેશમાં ઉત્પાદિત થાય છે. જોકે હવે સરકારે વિદેશમાંથી આવતા ક્રૂડ ઑઈલ અને ગેસ પરની નિર્ભરતા ઘટાડવાનો નિર્ધાર કર્યો છે અને તે માટે વર્તમાન કેન્દ્ર સરકાર અંદાજે 86 હજાર કરોડ રૂપિયાનું મસમોટું બજેટ ફાળવવાની તૈયારીમાં છે.

દેશમાં અત્યાર સુધી ઑઈલ અને ગેસના ભંડારો શોધવા માટે એટલા વ્યાપક પ્રયાસો થયા નથી કે જે આપણી કુલ જરૂરિયાતની બરાબરી કરી શકે. હવે જે શોધખોળ થવાની છે તેનાથી પણ સંપૂર્ણ આત્મનિર્ભરતા પ્રાપ્ત થવાની નથી, પરંતુ જેટલી આયાત પરની નિર્ભરતા ઘટાડી શકાય તેટલું સારું - એ દિશામાં સરકાર હવે આગળ વધી રહી છે.



સરકારના ઉચ્ચ અધિકારીઓના જણાવ્યા મુજબ, પ્રથમ વખત આવું બન્યું છે કે એકસાથે આટલું મોટું ભંડોળ આ પ્રકારની કામગીરી માટે ફાળવવામાં આવ્યું હોય. આ ભંડોળ દ્વારા દરિયાની અંદર ઑઈલ અને ગેસના ભંડારોની શોધખોળ કરવામાં આવશે. આગામી પાંચ વર્ષ દરમિયાન દરિયાની અંદર આશરે 60 જેટલા સ્થળોએ એક્સ્પ્લોરેશન હાથ ધરવામાં આવશે.

આમ તો દેશમાં ઑઈલ અને ગેસ ક્ષેત્રે અનેક મોટી કંપનીઓ કાર્યરત છે, પરંતુ આ કંપનીઓ મોટા પાયે નવા ભંડારો શોધવાના કાર્યમાં બહુ સક્રિય નથી. તેનું મુખ્ય કારણ એ છે કે એક્સ્પ્લોરેશનમાં ખૂબ મોટું મૂડીરોકાણ કરવું પડે છે અને આટલી મૂડી ખર્ચ્યા પછી પણ ભંડાર મળશે તેની કોઈ ગેરંટી હોતી નથી. તેથી ખાનગી કંપનીઓ સામાન્ય રીતે જ્યાં ઑઈલ અને ગેસના ભંડારો મળી આવ્યા હોય ત્યાં ડ્રિલિંગ કરવાનું તેમજ તેને ગંતવ્ય સ્થળ સુધી પહોંચાડવાનું કાર્ય વધુ કરે છે.આટલી અધધ રકમ ફાળવવામાં આવી છે તે યોજનાનું નામ ‘સમુદ્ર મંથન’ છે. અત્યાર સુધી આ પ્રકારના એક્સ્પ્લોરેશનમાં ખાનગી કંપનીઓ પૂરતા પ્રમાણમાં જોડાતી નહોતી. તેથી સરકારે એક સ્થળે ભંડાર શોધવા માટે પ્રતિ પ્રોજેક્ટ 650 કરોડ રૂપિયા સુધીની સહાય આપવાનો નિર્ણય કર્યો છે. એટલું જ નહીં, આ ક્ષેત્રમાં માત્ર દેશની જ નહીં પરંતુ વિદેશી કંપનીઓ પણ ભાગ લેશે તેવી સરકારને આશા છે. વિદેશી કંપનીઓ પાસેથી અપેક્ષા રાખવાનું એક મુખ્ય કારણ એ પણ છે કે સ્થાનિક કંપનીઓને આવા પ્રકારના એક્સ્પ્લોરેશનનો મર્યાદિત અનુભવ છે અને તેની માટે જરૂરી અત્યાધુનિક સાધનો પણ તેમની પાસે પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ નથી.

સ્વાભાવિક છે કે સરકાર આટલી મોટી રકમ ફાળવે છે તો તેનો ખર્ચ ક્યાં અને કેવી રીતે થવાનો છે તેનો અંદાજ પણ તૈયાર કરવામાં આવ્યો છે. તે મુજબ અંદાજે 10,000 કરોડ રૂપિયા જરૂરી માળખાકીય સુવિધાઓ માટે અનામત રાખવામાં આવશે. તેમાં પાઈપલાઈન, દરિયાઈ કામગીરી માટે જરૂરી સાધનો અને એક્સ્પ્લોરેશનને શક્ય બનાવે તેવી અન્ય સુવિધાઓના વિકાસ પાછળ ખર્ચ કરવામાં આવશે. આ ઉપરાંત આશરે 28,534 કરોડ રૂપિયા જિયોલોજિકલ સર્વે માટે ખર્ચવામાં આવશે. આ કામગીરી દ્વારા કયા બેઝિનમાં ઑઈલ અને ગેસના ભંડારો મળવાની સૌથી વધુ સંભાવના છે તે શોધવાનો પ્રયાસ કરવામાં આવશે. સરકારને આ દિશામાં ઝડપથી પગલાં લેવાની જરૂરિયાત એટલા માટે પણ અનુભવાઈ કે દેશમાં કુલ ક્રૂડ ઑઈલની જરૂરિયાતમાંથી આયાતનો હિસ્સો દસ વર્ષ પહેલાં આશરે 77 ટકા હતો, જે હવે વધીને લગભગ 88 ટકા સુધી પહોંચી ગયો છે. આ અંગે નિષ્ણાતોનું માનવું છે કે દેશમાં ક્રૂડ ઑઈલની માંગ સતત વધી રહી છે, જ્યારે સ્થાનિક ઉત્પાદન દર વર્ષે ઘટી રહ્યું છે.

આપણી સ્થિતિ પહેલેથી જ ક્રૂડ ઑઈલ અને ગેસના મામલે નાજુક હતી. એવામાં પહેલાં રશિયા-યુક્રેન યુદ્ધ શરૂ થયું અને ત્યારબાદ ઈરાન તથા અમેરિકા વચ્ચેનો તણાવ વધ્યો. આ બંને ઘટનાઓએ ભારત માટે સ્થિતિ વધુ કઠિન બનાવી. હાલમાં ઈથેનોલ-20 અંગે જે ઝુંબેશ ચાલી રહી છે તે પણ આ જ પરિસ્થિતિનું પરિણામ છે. વાસ્તવમાં દેશમાં ઈથેનોલ-20નો સંપૂર્ણ અમલ વર્ષ 2030 સુધી કરવાનો મૂળ કાર્યક્રમ હતો, પરંતુ ક્રૂડ ઑઈલની વધતી અનિશ્ચિતતા અને આયાત પરની નિર્ભરતાને ધ્યાનમાં રાખીને સરકારે તેને વધુ વહેલો અમલમાં લાવવાનો નિર્ણય કર્યો. જ્યારે વિશ્વભરમાં ક્રૂડ ઑઈલની અછત અથવા ભાવવધારો સર્જાય છે ત્યારે તેની સીધી અસર આપણા દેશના ઉત્પાદન, પરિવહન અને અર્થતંત્ર પર પડે છે. પરિણામે ઉત્પાદન ખર્ચ વધે છે અને મોંઘવારીમાં પણ વધારો થાય છે.ક્રૂડ ઑઈલ અને ગેસના એક્સ્પ્લોરેશનના સંદર્ભમાં એવું નથી કે આપણી કંપનીઓ કોઈ પ્રયાસ કરતી જ નથી, પરંતુ આપણે જેટલા પ્રમાણમાં ક્રૂડ ઑઈલની આયાત કરીએ છીએ તેની સરખામણીએ આ પ્રયાસો હંમેશા ઓછા પડે છે. દેશની જાહેર ક્ષેત્રની કંપનીઓ જેવી કે ભારત પેટ્રોલિયમ, હિંદુસ્તાન પેટ્રોલિયમ, ઈન્ડિયન ઑઈલ કોર્પોરેશન અને ઑઈલ એન્ડ નેચરલ ગેસ કોર્પોરેશન (ઓએનજીસી) વિશ્વની અગ્રણી ઊર્જા કંપનીઓમાં સ્થાન ધરાવે છે. તેમાં પણ ઈન્ડિયન ઑઈલ કોર્પોરેશન જાહેર ક્ષેત્રની સૌથી મોટી પેટ્રોલિયમ કંપનીઓમાંની એક છે. વર્ષ 2022માં ‘ફોર્ચ્યૂન ગ્લોબલ 500’ની યાદીમાં ઈન્ડિયન ઑઈલ કોર્પોરેશનને 94મો ક્રમ મળ્યો હતો. આ કંપની માત્ર ભારતમાં જ નહીં, પરંતુ શ્રીલંકા, મોરિશિયસ તથા કેટલાક ખાડી દેશોમાં પણ પોતાની સેવાઓ અને વ્યવસાયિક પ્રવૃત્તિઓ ચલાવે છે. જોકે, રશિયા-યુક્રેન યુદ્ધ શરૂ થયા બાદ ઈન્ડિયન ઑઈલ કોર્પોરેશનની ટીકા પણ થઈ હતી, કારણ કે યુદ્ધ દરમિયાન પણ કંપનીએ રશિયા સાથેના ઊર્જા ક્ષેત્રના વ્યવહારો ચાલુ રાખ્યા હતા. જોકે, તેમાં કંપની કરતાં સરકારની ઊર્જા નીતિ અને રાજકીય નિર્ણયોની ભૂમિકા વધુ મહત્ત્વની હોવાનું માનવામાં આવે છે. આખરે આવા આંતરરાષ્ટ્રીય વ્યવહારો અંગેના નિર્ણયો સરકારના માર્ગદર્શન હેઠળ જ લેવામાં આવતા હોય છે.

યુક્રેન પર રશિયાના આક્રમણનો વિશ્વભરમાં વિરોધ થયો હતો. ભારતે રાજદ્વારી સ્તરે સંતુલિત વલણ અપનાવ્યું હોવા છતાં, પોતાની ઊર્જાની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને રશિયા સાથેનો ક્રૂડ ઑઈલનો વેપાર ચાલુ રાખ્યો હતો. ઑઈલ એન્ડ નેચરલ ગેસ કોર્પોરેશન (ઓએનજીસી) પણ દેશમાં ક્રૂડ ઑઈલ અને કુદરતી ગેસના ઉત્પાદન ક્ષેત્રે અત્યંત મહત્ત્વની કંપની છે. તેને ‘મહારત્ન’નો દરજ્જો પ્રાપ્ત થયો છે. ઓએનજીસીનું કાર્યક્ષેત્ર માત્ર ભારત પૂરતું મર્યાદિત નથી. બ્રાઝિલ, કોલમ્બિયા, ક્યુબા, વેનેઝુએલા, રશિયા, વિયેતનામ, મ્યાનમાર, લિબિયા અને દક્ષિણ સુદાન સહિત અનેક દેશોમાં પણ તેની કામગીરી વિસ્તરેલી છે. આ કંપનીઓની વિગત અહીં એટલા માટે આપવામાં આવી છે કે આ ક્ષેત્રમાં વૈશ્વિક સ્તરે ભારત ક્યાં સ્થાન પર છે તેનો અંદાજ આવી શકે. ઑઈલ અને ગેસના એક્સ્પ્લોરેશનમાં બીજી એક મહત્ત્વની બાબત લાઈસન્સિંગ નીતિની છે. દેશમાં વાહનોની સંખ્યા ઝડપથી વધવાની સંભાવના સરકારને વર્ષ 1997-98માં જ દેખાઈ ગઈ હતી. તેને ધ્યાનમાં રાખીને તે સમયે ‘ન્યૂ એક્સ્પ્લોરેશન લાઈસન્સિંગ પોલિસી (NELP)’ અમલમાં મૂકવામાં આવી હતી. વાહનોની વધતી સંખ્યા ઉપરાંત ઊર્જાની વધતી માંગ પણ આ નીતિ પાછળનું મહત્ત્વનું કારણ હતી. આ નીતિ હેઠળ સરકારે 49 બ્લોક્સમાં ઑઈલ અને ગેસના ભંડારો શોધવા માટે મંજૂરી આપી હતી, જેમાંથી 12 બ્લોક્સ ઊંડા દરિયાઈ વિસ્તારમાં આવેલા હતા.



હવે જે શોધખોળ થવાની છે તેનાથી પણ સંપૂર્ણ આત્મનિર્ભરતા પ્રાપ્ત થવાની નથી પરંતુ જેટલી આયાત પરની નિર્ભરતા ઘટાડી શકાય તેટલું સારું - એ દિશામાં સરકાર હવે આગળ વધી રહી છે

આ 49 બ્લોક્સમાંથી હાલમાં માત્ર ચાર જ કાર્યરત છે. બાકીના ઘણા બ્લોક્સમાં ભંડાર ખૂટી જવાથી અથવા ઉત્પાદન આર્થિક રીતે લાભદાયી ન રહેતાં કામગીરી બંધ કરવામાં આવી છે. ત્યારબાદ વર્ષ 2002માં આ જ નીતિ હેઠળ વધુ 27 બ્લોક્સ માટે મંજૂરી આપવામાં આવી હતી. તેમાં પણ નવ બ્લોક્સ ઊંડા દરિયાઈ વિસ્તારમાં આવેલા હતા. તેમાંથી પણ હાલમાં માત્ર ચાર જ કાર્યરત છે, જ્યારે અન્ય ઘણા બ્લોક્સમાં કામગીરી બંધ થઈ ગઈ છે. સમય જતાં સરકારે અનુભવ્યું કે અગાઉની નીતિમાં ઘણી મંજૂરીઓ લેવાની ફરજ પડતી હોવાથી કંપનીઓ પર બિનજરૂરી વહીવટી ભારણ આવતું હતું. તેથી વર્ષ 2016માં નીતિમાં કેટલાક મહત્ત્વના ફેરફારો કરવામાં આવ્યા. ખાનગી તેમ જ વિદેશી કંપનીઓને વધુ અનુકૂળ વાતાવરણ મળી રહે તે માટે નિયમોને વધુ સરળ અને લવચીક બનાવવામાં આવ્યા.

આ સમગ્ર વિષયનો વ્યાપ ખૂબ મોટો છે. તેમાં સ્થાનિકથી લઈને આંતરરાષ્ટ્રીય રાજકારણ, ભૂસ્તરશાસ્ત્ર, દરિયાઈ સંશોધન, અત્યાધુનિક ટેક્નોલોજી, ઊર્જા સુરક્ષા અને વૈશ્વિક બજારમાં ક્રૂડ ઑઈલ તથા ગેસના ભાવનું જટિલ ગણિત–આ બધાનો સમાવેશ થાય છે.

અહીં માત્ર ભારતમાં ઑઈલ અને ગેસના એક્સ્પ્લોરેશન માટે થઈ રહેલા રોકાણ અને તેની પૃષ્ઠભૂમિ વિશેની કેટલીક મહત્ત્વની વિગતો રજૂ કરવામાં આવી છે. આ વિષયને વધુ ઊંડાણથી સમજવા માટે અનેક પુસ્તકો, સંશોધનપત્રો તેમ જ અખબારો અને વેબ પોર્ટલ પર ઉપલબ્ધ વિશ્લેષણાત્મક અહેવાલોનો અભ્યાસ કરી શકાય.